Impact Feature

દિવ્ય ભાસ્કર 20 સાલ બેમિસાલ

આપ વાંચી રહ્યાં છો દેશનાં સૌથી વિશ્વસનીય અને સૌથી મોટા અખબારી જૂથ દિવ્ય ભાસ્કર ગ્રુપનું દૈનિક

# સૌરાષ્ટ્ર સમાચાર

કુલ પાનાં = 12 | વર્ષ 59, અંક 311, મહાનગર

divyabhaskar.com | ભાવનગર, શુક્રવાર, 30 જૂન, 2023 | અષાઢ સુદ-12, વિક્રમ સંવત 2079 | 12 રાજ્ય | 61 સંસ્કરણ

MAHUVA-TALAJA PRIDE AWARD - 2023

# મહુવાના વિકાસને વેગ અપાવતા શ્રેષ્ઠીઓ

મહુવા શહેરમાં દર્દીની પીડાને રાત-દિવસ જોયા વગર ઉમદા આરોગ્યલક્ષી સેવા કાર્યમાં  તેમજ વકીલાત, બિલ્ડર, રાજકીય ક્ષેત્રે અને જુદા જુદા વ્યાપાર ક્ષેત્રે જોડાયેલા મહુવા શહેરના શ્રેષ્ઠીઓને સૌરાષ્ટ્ર સમાચાર દ્વારા મહુવા-તળાજાની જનતા માટે મહુવા-તળાજા પ્રાઈડ એવોર્ડ પૂર્તિમાં પ્રસિધ્ધ કરાયા છે. તેમજ આ તમામ શ્રેષ્ઠીઓને મહુવા-તળાજા પ્રાઈડ એવોર્ડ આપી સન્માનીત કરાશે.

દિવ્ય ભાસ્કર ગ્રુપના સૌરાષ્ટ્ર સમાચારે સાચી વાત બેધડક રીતે રજુ કરી વિશાળ વાંચક પરિવારમાં વિશ્વાસનીયતાની બુનિયાદને વધુ મજબુત કરી છે. મહુવા શહેરના કોઈપણ પ્રશ્ને ભાસ્કર હંમેશા સુખ દુ:ખના સાથીના રૂપમાં હાજર રહ્યું છે. વાંચકોને ખાસ પૂર્તિ દ્વારા માહિતીસભર આર્ટીકલ સાથે પ્રભાવિત રાખવાનો પ્રયાસ પણ અમારી શૈલીનો એક ભાગ જ છે. વિજ્ઞાપનદાતાઓ, વાંચકોના અવિરત સાથ અને સહકાર થકી જ અમારો આ પ્રયાસ સફળ થઈ રહ્યો છે.



**પૂ. આશિષભાઇ વ્યાસ**
ભાગવત કથાકાર, ધરમપુર



**ડો.જયેશ એસ. બલદાણીયા**
વેદાંત સ્પેશ્યાલીટી હોસ્પિટલ



**અશોકભાઇ વાઢેર**
શ્રીજી ડેવલોપર્સ



**જયરાજ માયાભાઇ આહીર**
પ્રમુખશ્રી, તળાજા તાલુકા યુવા ભાજપ




**ડો. ભુપત પી. પટેલીયા**
શ્રી રામ કાર્ડિયાક & ડાયાબીટીસ સેન્ટર



**શૈલેષભાઇ અરજણભાઇ સેંતા**
કોષાધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લા ભાજપ



**ડો. ચંદુ પી. ભુત**
દેવ ફીઝીયોથેરાપીસ્ટ સેન્ટર



**જે. બી. ચૌહાણ**
વકીલ



**ડો. ભાવેશ એલ. વાળાકી**
ડો.વાળાકી સ્કીન કેર & હેલ્થ ક્લીનીક



**જીજ્ઞેશભાઇ લાભશંકર રાજ્યગુરુ**
આહાર કેટરર્સ



**ડો. વત્સલ કંસારા**
એપેક્ષ મલ્ટિસ્પેશ્યાલિટી ડેન્ટલ હોસ્પિટલ



**ડો. મુકેશ આર. ભુત**
પ્રથમ ચિલ્ડ્રન હોસ્પિટલ

નિલકંઠ સીંગતેલ

THE SCHOOL OF SCIENCE
ધ સ્કૂલ ઓફ સાયન્સ

HOTEL HEAVEN
SOPARIA HOTELS PVT. LTD.


Hanumant Hospital
હનુમંત હોસ્પિટલ

JB Cake Shop


: વધુ વિગત માટે સંપર્ક :

જયપ્રકાશ દોશી : 9974329635 । હર્ષ દોશી : 9427279119 । મુકેશ મંગલાણી : 9714034004

# પૂ.મોરારીબાપુ અને પ.પૂ.આ.વિજય રાજહંસસૂરીશ્વરજી મ.સા. ના સૌરાષ્ટ્ર સમાચાર મહુવા-તળાજા વિશેષ પૂર્તિને શુભાશિષ...




પ.પૂ. મોરારીબાપુ


From the desk of.....
આચાર્ય રાજહંસસૂરિ

દિવ્ય ભાસ્કર ગ્રુપનું 'સૌરાષ્ટ્ર સમાચાર' - ભાવનગર 'મહુવા-તળાજા પ્રાઈડ એવોર્ડ-૨૦૨૩' ની વિશેષ પૂર્તિ બહાર પાડી રહ્યું છે તે જાણીને આનંદ થયો. સૌરાષ્ટ્ર સમાચારને અમારા અંતરના આશીર્વાદ છે. વર્તમાનપત્ર ક્ષેત્રે સૌરાષ્ટ્ર સમાચાર દિવસે-દિવસે પ્રગતિ સાધી રહ્યું છે એ હું છેલ્લા ૩૫ વર્ષથી જોતો આવ્યો છું. એમાં પણ દિવ્ય ભાસ્કર ગ્રુપે જ્યારથી સૌરાષ્ટ્ર સમાચાર હાથમાં લીધું છે ત્યારથી તો રોજબરોજ પ્રગતિના શિખર સર કરી રહ્યું છે. સાચી અને સારી વાત પ્રજા સમક્ષ રજૂ કરવા દ્વારા વર્તમાનપત્રનું એવરેસ્ટ શિખર સર કરે એવા અમારા અંતરના આશીર્વાદ છે. પ્રજાને સત્ય-અહિંસા અને કરુણાનો સંદેશ પહોંચાડવા દ્વારા ભારતમાતાની સેવા કરવાની તકને સાર્થક કરો.

વિજય રાજહંસસૂરિ
મહુવા

પ.પૂ.આચાર્ય વિજય રાજહંસસૂરીશ્વરજી મ.સા.

## કાઠીયાવાડી સંસ્કૃતિ લોક સાહિત્યના આંતરરાષ્ટ્રીય કલા ઉપાસક: માયાભાઇ આહિર

લોક સાહિત્યનો ધબકતો ધબકાર, હાસ્યનો હેલી અને ભજનના ભાવુક એવા જાણીતા લોક સાહિત્યકાર અને કસુંબલ ડાયરાના કસબી શ્રી માયાભાઈ આહિરની ખ્યાતિ આજે સિમાડાઓ ઓળંગી દેશાવર પહોચી છે.

આ વર્ષે માં ભગવતી માંગલના 27માં પાટોત્સવ પ્રસંગે વિશ્વ વંદનીય પૂ.મોરારીબાપુના હસ્તે માં માંગલ શક્તિ એવોર્ડ પ્રાપ્ત થયેલ. ઉપરાંત ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ. તેમજ દિવ્ય ભાસ્કર ગ્રુપના સૌરાષ્ટ્ર સમાચાર દ્વારા ભાવનગર જીલ્લાની 100 પ્રતિભા માં માયાભાઈ આહિર સમાવિષ્ટ થયેલ જે એક આગવું ગૌરવ છે. માયાભાઈ આહિરની 100 થી વધારે ઓડીયો તથા વિડીયો કેસેટો પણ બજારમાં સહજ રીતે પ્રાપ્ત થાય છે.

વિદેશી ધરા ઉપર કાઠીયાવાડી સંસ્કૃતિની રજુઆત તેમની આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતાનું જીવંત પ્રસારણ છે. પોતાની આગવી વાણી અને લોક સાહિત્યના કાર્યક્રમની શરૂઆત માયાભાઈએ મહુવાના આંગણેથી કરી આજ સુધીમાં દેશ-વિદેશમાં પાંચ હજાર જેટલા કાર્યક્રમ



આપ્યા છે. વતન હોય કે વિદેશ માયાભાઈની સાહિત્ય કૃતિમાં કશો જ ફેર પડતો નથી તેમ પોતાના વતનને કે ભારતમાતાને વંદન કરવાનું ક્યારેય ન ચુકનાર માયાભાઇ આજે લાખો શ્રોતાઓના મનોરંજન જગતમાં સ્થાન પામી ચુક્યા છે. આ ઉમદા વ્યક્તિત્વને યુવા સાંસ્કૃતિક રમત-ગમત મંત્રાલય ભારત સરકાર, ગૃહવિભાગ ગુજરાત સરકાર, કાગ એવોર્ડ, માં માંગલ શક્તિ એવોર્ડ, પૂ.મોરારીબાપુ, ગોવિંદબાપુની જગ્યા સત્તાધાર, ગ્લોબલ એચીવર્સ ફાઉન્ડેશન બેંગકોંગ દ્વારા દેશના સર્વશ્રેષ્ઠ લોક સાહિત્યકાર તરીકે ઈન્ટરનેશનલ એવોર્ડ દ્વારા સન્માન, ભાવનગર જીલ્લા ક્ષત્રિય સમાજ, વિશ્વ હિન્દુ સમાજ પાલીતાણા, ગુરૂ આશ્રમ બગદાણા, આહિર સમાજ તળાજા સહિત દેશ વિદેશમાં અનેક સન્માનો પ્રાપ્ત કરનાર માયાભાઈમાં અભિમાનનો એક પણ અંશ જોવા ન મળતા બાળકો સાથે બાળક અને મોટેરાઓ સાથે મોટેરા જેવો તદ્દનનિખાલસ ભર્યા સ્વભાવ પારણાંમાંથી જ પ્રાપ્ત થયો છે.

પોતાના સાહિત્ય ક્ષેત્રના ખેડાણમાં ધર્મપત્ની અંજુબેનનો પણ ખૂબ જ સાથ અને સહકાર માયાભાઈને સાંપડતા દરેક સફળ પુરૂષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય એ કહેવત યથાર્થ થઈ છે.

॥ શ્રીહરિ ॥





## એક પરિચય પૂ. આશિષભાઈ વ્યાસ ધરમપુર

આશિષભાઈ વ્યાસ એક યુવા ભાગવત કથાકાર છે, વર્તમાન સમયમાં યુવા ભાગવત કથાકારોમા ખુબ સન્માન પૂર્વક લેવાતુ નામ છે, આપ સૌ જાણો છો કે પ્રબળ અને અનુભવી ભાગવત કથાકાર પૂ. શરદભાઈ વ્યાસ (ધરમપુર)ના તે મોટા પુત્ર છે, ૧૩/૦૪/૧૯૮૩ ના ચૈત્ર સુદ ૧ (ગુડીપડવા)ના દિવસે ધરમપુરમા જન્મેલા પૂ. આશિષભાઈ વ્યાસે અત્યાર સુધીમાં ૮૩ જેટલી ભાગવત કથાઓ કરી છે, હિન્દી અને ગુજરાતી ભાષામાં કથા કરતા આશિષભાઈ વ્યાસે ભારતના અનેક રાજ્યોમાં કથાઓ કરી ચુકયા છે, શ્રીમદ્ ભાગવતજીનું શિક્ષણ (જ્ઞાન) તેમણે પોતાના પિતાશ્રી પૂ.શરદદાદા પાસે લીધું છે પૂ. મોરારી બાપુ, પૂ.ભાઈશ્રી (રમેશભાઈ ઓઝા), બ્ર.લી પૂ.વિશ્વંભર ભારતિબાપુ વિગેરે સંતો તથા કથાકારો તથા સાક્ષરો એમની ઉપર ખુબજ હેતની વર્ષા કરે છે. શ્રી માયાભાઈ આહિર, શ્રી કિર્તિદાન ગઢવી, શ્રી સાઈરામભાઈ દવે, ઓસમાનભાઈ મીર વિગેરે વિખ્યાત કલાકારો પણ આશિષભાઈ સાથે સ્નેહના તાતણે બંધાયેલા છે, સ્વભાવે સરળ અને સત્યના આગ્રહી તેવા આશિષભાઈ સાથે વાતો કરો તો આપણને એમ લાગે કે હમણા વ્યાસપીઠ પરથી છટાભેર કથા કરતા હતા તે જ આ આશિષભાઈ છે ? આટલી સરળતા તેમના જીવનમાં જોવા મળે છે. આશિષભાઈ ઘણીવાર વ્યાસપીઠ પરથી કહે છે કે શ્રીમદ્ ભાગવતજી એ મારામાટે સાધન નથી પણ સાધ્ય છે, એટલા માટે કથા કરવાની દક્ષીણા કયારેય યાચના કરતા નથી, તેઓ એવુ માને છે કે ભાગવત એ તો ભગવાન કૃષ્ણનું સ્વરૂપ છે એટલે પ્રભુના સ્વરૂપનો વેપાર ન થાય તેને તો શ્રોતાઓના કર્ણમાર્ગથી હ્દયમા ભગવાન કૃષ્ણને સ્થાપીત કરવાની કૃપા થાય તેઓ કહે છે આવા કઠીન સમયમાં આ બધુ કરવુ કઠીન હોય છે, પણ ભાગવતજીની કૃપાથી આ બધુ થય રહયુ છે અયાચક ભાવથી કથા કરવી તે પૂ. આશિષભાઈની પિત્રુ પરંપરા છે તેમના પિતાશ્રી ને આશિષભાઈ ના વિષય માં પુછયુ તો પૂ.શરદભાઈ વ્યાસે કહયું જો ભાઈ આશિષ તારે વ્યાસપીઠ પર બેસવુ હોયતો મન સાથે ખુબ સમાધાન કરવું પડશે પૈસા કમાવા હોય તો વેપાર કર પણ ભાગવત ની કથા કરવી હોય તો વ્યાસપીઠની મર્યાદાનું જતન અત્યંત જરૂરી છે અને તે કઠીન પણ છે અત્યારે વ્યાસ કુટીર ધરમપુર મા શ્રીમદ્ ભાગવતજીનો સાત વર્ષથી અખંડ યજ્ઞ ચાલે છે તેનું સંપુર્ણ સંરક્ષણ આશિષભાઈ દ્વારા થઈ રહયું છે. અને પૂ. શરદભાઈ વ્યાસ દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃતિનું સુકાન પણ આશિષભાઈ સંભાળી રહયા છે આવતા તા. ૨૦ થી ૨૮ જુલાઈ વ્યાસ કુટીર ધરમપુરમાં થવા જઈ રહેલ ભગવાન શંકરનો સૌથી મોટો અને દિવ્ય શ્રી અતિરુદ્ર મહાયજ્ઞ થઈ રહયો છે તેનુ સુકાન પણ આશિષભાઈ જ સંભાળી રહયા છે આશિષભાઈ નો ટુકમાં પરિચય આપવો હોય તો તે સંભાળે છે બધાનું અને ભગવાન ની કથા સંભળાવે છે આવા વિદ્વાન અને ઉત્સાહી ભાગવત કથાકાર ને ખુબ ખુબ શુભેચ્છા સાથે પ્રણામ.








નિલકંઠ
સીંગતેલ
બારેમાસ ભરવા લાયક
સૌરાષ્ટ્રનું 100% શુદ્ધ સિંગતેલ
નિલકંઠ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
વિક્ટર બાયપાસ રોડ, રેલવે ક્રોસિંગ પાસે, નેસવડ, મહુવા, જી.ભાવનગર.
ફેકટરી (હેડ ઓફીસ-મહુવા) મો.9408383072 • બ્રાન્ચ ઓફીસ (સુરત) મો.8980483072


વેદાંત
સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ઓર્થોપેડીક એન્ડ ડેન્ટલ કેર
ડો. જયેશ એસ. બલદાણીયા
એમ. એસ. (ઓર્થો.)
હાડકાના નિષ્ણાંત સર્જન
ટ્રોમા અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ડો. અસ્મિતા જે. બલદાણીયા
દાંતના સર્જન, બી.ડી.એસ.
ડો. મહેન્દ્ર એમ. કાછડ
બી.પી.ટી., ફુલ ટાઈમ ફિઝિયોથેરાપિસ્ટ
ઉપલબ્ધ સુવિધાઓ
ઓર્થોપેડીક વિભાગ
• ૨૪ કલાક ઈમરજન્સી સારવાર
• ફિઝીયોથેરાપિસ્ટ ડોકટર દ્વારા ઓપીડી તથા દાખલ દર્દીને કસરત માટેનું સચોટ માર્ગદર્શન
• આધુનિક ડીઝીટલ એક્સ-રે દ્વારા સચોટ નિદાન
• આધુનિક હાઈ ફ્રિક્વન્સી I.I.T.V. ની મદદથી ટાંકા વગરના ઓપરેશનની સુવિધા
• આધુનિક ઓપરેશન થીયેટર
• તમામ પ્રકારના ફ્રેક્ચરની સારવાર
• મણકા, સ્નાયુ તેમજ ગાદીના રોગોની સારવાર
• ગોઠણ તેમજ થાપાના સાંધા બદલવાના ઓપરેશનની સુવિધા
• દુરબીનથી થતા સાંધાના અને સ્નાયુના ઓપરેશનની સુવિધા
• સ્પેશ્યલ રૂમની સુવિધા
ડેન્ટલ વિભાગ
• દાંતના રોગોનુ એક્સ-રે દ્વારા સચોટ નિદાન
• દાંતમાંથી સડો સાફ કરી ચાંદી તેમજ દાંત જેવા દેખાવના મટીરીયલની ફિલીંગ કરવાની સારવાર
• દાંતના મુળીયાની સારવાર
• તમામ પ્રકારના ચોકઠા તેમજ ફિક્સ દાંત અને દાઢ બનાવવાની સુવિધા
• પીડા રહિત દાંત અને દાઢ કાઢવાની સારવાર
• ડાહપણની દાંઢ, ગાંઠ કે રસોળી નુ યોગ્ય સર્જરી દ્વારા સારવાર
• અલ્ટ્રાસોનિક મશીન દ્વારા દાંત સાફ કરવાની સારવાર
• દાંતમાં ડાયમંડ ફીટ કરવાની સારવાર
C-ARM
LF CONTROL
આયુષ્માન ભારત તથા PMJAY કાર્ડમાં સંપુર્ણ ફ્રી સારવાર
प्रधानमंत्री जन आरोग्य योजना
आयुष्मान भारत
PM-JAY
હવેથી જોઈન્ટ રીપ્લેસમેન્ટ
(ઘુંટણ તથા થાપાના સાંધા બદલવાના ઓપરેશન)
માંટે મહુવા બહાર જવાની જરૂર નથી..
મહુવામાં પણ ઉપલબ્ધ
ડો. પી.એસ. ભુત સાહેબના દવાખાનાની સામે, નુતનનગર-૧, કુબેરબાગ, મહુવા. મો.: ૯૯૦૮૨૨૧૧૦૧ - ફોન : ૦૨૮૪૪-૨૨૧૧૦૧

# મહુવાના વિકાસને અડચણરૂપ પ્રશ્નો



મહુવા શહેર અને તાલુકાના વિકાસના આડે અનેક પ્રશ્નોની વિટંબણાઓ ઉકેલવા વર્ષોથી પ્રજા કાગડોળે રાહ જોઈ રહી છે. મહુવાના પ્રશ્નો હલ કરવા મહુવાના પ્રબુધ્ધ વરીષ્ઠ નાગરીકો, બુદ્ધિજીવીઓએ એકત્રિત થઈ બીન રાજકીય સંગઠન બનાવી રાજકારણને માલણને પેલે પાર મુકી આવી મહુવાના વિકાસ માટે સંગઠીત પ્રયાસો કરવા જરૂરી છે.

ભાવનગર જીલ્લાનું મહુવા સૌથી મોટુ ઔદ્યોગીક શહેર છે.મહુવા સરકારી કામકાજ માટે ભાવનગર સાથે જોડાયેલું છે. મહુવાનો સંસદીય મત વિસ્તાર પહેલા ભાવનગર સાથે હતો હવે અમરેલી સાથે છે.

મહુવાને જીલ્લાનો દરજ્જો આપવાની માંગ છેલ્લા 10-15 વર્ષથી કરવામાં આવી રહી છે જે પ્રશ્ન વહેલી તકે ઉકેલવો જરૂરી છે. જેથી મહુવાજ સંસદીય મત વિસ્તાર બને.

મહુવા પોલીસ સ્ટેશનનુ સેટઅપ 1964નું જેમ નુ તેમ છે. મહુવા પોલીસ સ્ટેશન સીટી રૂરલમાં વિભાજન કરવા અનેક વખત માંગણી, રજુઆત અને દરખાસ્તકરવા છતા આ માંગને પૂર્ણ કરવા કોઈ દરકાર લેવામાં આવી નથી.

મહુવા સીટી સર્વે ઓફિસમાં વર્ષોથી સુપ્રિટેન્ડેન્ટની પોસ્ટ વણ પુરાયેલી છે. મહુવા સીટી સર્વેમાં સુપ્રિટેન્ડેન્ટ સહિતના તમામ સ્ટાફનો મહેકમ પૂર્ણ કરવાની માંગ વર્ષોથી સંતોષાય નથી.

મહુવા ટાઉન સબ ડિવિઝનનું ટાઉન -1, ટાઉન-2માં વિભાજન અનેકો રજુઆત છતા થતું નથી. પરિણામે ગ્રાહકો ત્રાહિમામ પોકારી ગયા છે.

મહુવાનું સિમાંકન વહેલી તકે વધારી મહુવાની નગરપાલિકા ગ્રેડ-1ની બનાવવામાં આવે તો મહુવાના ઓ.જી. વિસ્તારમાં રહેતા નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ મળે.

મહુવા નગર પાલિકા સંચાલિત 200 બેડની જનરલ હોસ્પિટલ સરકારે સિવિલ હોસ્પિટલ બનાવવા પાંચ વર્ષ પહેલા પોતાના હસ્તક લીધી આ હોસ્પિટલને માત્ર સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જીલ્લામાં સિવિલ હોસ્પિટલનો દરજ્જો ખાલી હોય મહુવાની આ વિશાળ ઈન્ફ્રાસ્ટકચર ધરાવતી 200 બેડની હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવાનુ વચન હજુ પૂર્ણ થયેલ નથી.

મહુવાનો દરીયા કાંઠો કુદરતી ઉંડાઈ ધરાવતો કાંઠો છે. મહુવા બંદરનો વિકાસ કરવામાં આવે તો જળ માર્ગે મહુવા-મુંબઈ-સુરત વચ્ચેનુ અંતર ખુબ જ ઓછુ થઈ જાય.

મહુવાની રેલ્વે લાઈનનું વર્ષોથી ગેઈજ પરિવર્તન થયા બાદ સુરત ની અઠવાડીયાના 5 દિવસ ટ્રેન મળેલ છે. તેમજ મહુવાને મહુવા-બાંદ્રા-મહુવા અઠવાડીયામાં બે વખત ટ્રેન આપવામાં આવી છે. મહુવા - બાંદ્રા, મહુવા - સુરત દૈનિક કરવાની અનેક વખત રજુઆતો કરવા છતા પ્રશ્ન હલ થયો નથી.

મહુવાના વિદ્યાર્થીઓને ડિપ્લોમાં/ડીગ્રી એન્જીનીયરીંગ અને તબીબી અભ્યાસક્રમો મહુવામાં જ પ્રાપ્ત થાય તે માટે આ પ્રકરાની સરકારી કોલેજની સ્થાપના મહુવામાં થાય તેવા સઘન પ્રયત્નની જરૂર છે.

મહુવાનું રાજકારણ માલણને પેલે પાર રાખવાની પરંપરા સમય જતા લુપ્ત થઈ ગઈ છે. આથી મહુવાના બિન રાજકીય પ્રબુધ્ધ વરીષ્ઠ નાગરીકો, બુદ્ધિજીવીઓએ એકત્રિત થઈ મહુવાના ઉપરોકત પ્રશ્ને મહુવાના હિત અને સર્વાંગી વિકાસ માટે મહુવાના પ્રશ્નોને ઉગ્ર વાંચા આપી પરિણામ સુધી પહોંચાડવા માટે બીન રાજકીય સંગઠનની જરૂરીયાત ઉભી થઈ હોય મહુવાના વિકાસની વિચારસરણી ધરાવતા વિવિધ ક્ષેત્રના બુદ્ધિજીવીઓ,વરીષ્ઠ નાગરીકો આગળ આવી ઘરડા ગાડુ વાળે તે કહેવતને સાર્થક કરે તેવી માંગ મહુવાના સામાન્ય નાગરીકમાં ઉભી થવા પામી છે. કારણે કે સામાન્ય નાગરીકોમાં ખુદને ખુદના પ્રશ્નો માટે પણ રજૂઆત કે ફરીયાદ કરવાનો સમય અને હિમત નથી.


આથી આ સંગઠને યુવા જગતને સાથે રાખી તેને સાચી દિશા સુચન કરવાની જરૂરીયાત ઉદભવવા પામી છે.

**- જયપ્રકાશ દોશી, મહુવા**



# જયરાજભાઈ માયાભાઈ આહીર

## પ્રમુખશ્રી, તળાજા તાલુકા યુવા ભાજપ





જયરાજભાઈ આહીરના જન્મ દિવસ નિમિત્તે માંગલ ધામ ભગુડા ખાતે હનુમંત હોસ્પિટલના સહીયોગથી સર્વો રોગ નીદાન કેમ્પ તથા તળાજા ખાતે ગરીબ બાળકો સાથે 21 કેકનું વિતરણ કરીને તથા વૃક્ષા રોપણ કરી અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરી હતી.




તાઉતે વાવાઝોડા દરમીયાન ગ્રામ્ય વિસ્તારમાં જરૂરીયાતમંદ પરિવારોને જયરાજભાઈ આહીર દ્વારા અનાજ કીટનું વિતરણ તથા રામકૃષ્ણ સ્કુલ ખાતે રહેવાની રહેવા તથા ભોજનની વ્યવસ્થ કરવામાં આવેલ.




માંગલ ધામ ભગુડાના પાટોત્સવ નીમીત્તે શ્રી સી.આર. પાટીલ, શ્રી દીલીપભાઈ સંઘાણી, શ્રી ગૌતમભાઈ ચૌહાણ સહીતના અગ્રણીઓ સાથે જયરાજભાઈ આહીર ભગુડા ખાતે ઉપસ્થીત રહ્યાં હતા.



કોરોના દરમીયાન આશુતોષ અન્નક્ષેત્ર તળાજાના સહકારથી જરૂરીયાત મંદ પરિવારને ભોજન વ્યવસ્થા તેમજ કોરોના કેર સેન્ટરમાં સારવાર લઈ રહેલ દર્દીઓને જયરાજભાઈ આહીર દ્વારા ફુટ વિતરણ કરવામાં આવ્યું



મકરસંક્રાતીના પર્વ નીમીત્તે ગ્રામ્ય વિસ્તારના બાળકો અને વિદ્યાર્થીઓને પતંગ વિતરણ કરી જયરાજભાઈ આહીરે પતોગોત્સવ મનાવ્યો હતો.



જયરાજભાઈ આહીર માતા અંજુબેન તથા પિતા માયાભાઈ આહીર સાથે


શ્રેષ્ઠતાથી ઉત્કૃષ્ટતાનાં શિખર સુધી...

A Great Place to Learn.....

THE SCHOOL OF SCIENCE

ધ સ્કૂલ ઓફ સાયન્સ

બાલભવન તેમજ ૧ થી ૧૨ (સાયન્સ/કોમર્સ)

છેલ્લા ૪ વર્ષથી સર્વોચ્ચ પરિણામ આપતી સંસ્થા

NEET-2023

બસ સુવિધા

હોસ્ટેલ સુવિધા

JEE-NEET EXPERT

622/720 — બલદાણિયા બળવંત જી.

Re-NEET ADMISSION OPEN

619/720 — કલસરીયા ચિરાગ આર.

616/720 — કવાડ દર્શન એચ.

SSC MARCH-2023

95 PR થી વધારે 50

90 PR થી વધારે 74

ધોરણ : ૧૦ નાં SOS AVENGERS...

| નામ | ગ્રેડ | PR |
|---|---|---|
| હડિયા સાગર એ. | A1 | 99.84 PR |
| હડિયા જયરાજ સી. | A1 | 99.81 PR |
| કાતરીયા અભિષેક એચ. | A1 | 99.77 PR |
| જીંજાળા આશિષ આર. | A1 | 99.46 PR |
| હડિયા રોહિત એચ. | A1 | 99.46 PR |
| માંડણકા કિશ એ. | A1 | 99.38 PR |
| બલદાણિયા ગૌતમ એમ. | A1 | 99.33 PR |
| બલદાણિયા હર્ષદ આર. | A1 | 99.24 PR |
| પ્રજાપતિ નવ્યા એલ. | A1 | 99.19 PR |
| પંડત દુદા ડી. | A1 | 99.19 PR |

ધો-૧૨-સાયન્સ MARCH 2023 — A2 — કવાડ દર્શન એચ. 99.87 PR

ધો-૧૨-કોમર્સ MARCH 2023 — A2 — કામળીયા હેમાંશુ બી. 99.35 PR

સંસ્થાનીવિશેષતાઓ

- ધો. ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીમાટે લેકચરટેસ્ટ, વિકલીટેસ્ટ, મંથલીટેસ્ટનુંઆયોજન.
- SMS દ્વારા વિદ્યાર્થીનાંરિઝલ્ટનીવાલીશ્રીનેજાણ.
- વ્યકિતગતડિફિકલ્ટીસોલ્યુશન.
- સમયાંતરેવાલી મિટીગ દ્વારા વિદ્યાર્થીનાંરિઝલ્ટનુંકાઉન્સેલીગ.
- સંપૂર્ણસુવિધાયુકતહવા ઉજાસવાળુઅને ભુકંપપ્રુફહોસ્ટેલ બિલ્ડીગ.
- વિશાળડાયનીગહોલ (અક્ષયપાત્ર)- સ્વાદિષ્ટઅને કેલેરીયુકતશુધ્ધ ભોજન.
- હોસ્ટેલમાંએક રૂમમાં વિદ્યાર્થીદિઠ ટેબલ, બેડ તેમજ પર્સનલકબાટનીસુવિધા.
- હોસ્ટેલનાંવિદ્યાર્થીઓમાટે સંસ્થાનીગૌશાળા દ્વારા જ આરોગ્યપ્રદદુધ, દરરોજ ગૌમુત્ર, આયુર્વેદિકગોળી અને અઠવાડીયામાંએકવારઉકાળો, કડવુ કરીયાતુતેમજ લિમડાનુંદાતણ આપવામાંઆવે છે.





જમ્પિંગ

સહઅભ્યાસિકપ્રવૃતિઓ

સ્વીમિંગપુલ | ઘોડે-સવારી | મ્યુઝિકકલાસ | ઈનોવેશન | ભોજનાલય | સાયન્સલેબ | કલાસરૂમ | 3D પ્રિન્ટીંગ

ધો. ૭ થી ૧૨ નાં ભાઈઓમાટે હોસ્ટેલસુવિધા



હોસ્ટેલ બિલ્ડીંગ

7433997461/62/63 | મોટા આસરાણા-રાજુલરોડ, મુ. ચારદિકા, તા. મહુવા. જી. ભાવનગર.

- સંસ્થાનીપોતાનીગૌશાળા
- સંસ્થાનીઓઈલમીલ દ્વારા ઉત્પાદિતશુધ્ધ શીંગતેલ

PREMBHAI-97372 52672

# સૌરાષ્ટ્ર નું કાશ્મીર એટલે "મહુવા"

અરબી સમુદ્ર ના કિનારે વસેલું ગુજરાત રાજ્ય ના ભાવનગર જીલ્લા નું રળીયામણું નગર એટલે મહુવા બંદર. માલણ નદીના કિનારા પર લીલીછમ નાળીયેરીઓ ના વૃક્ષો થી ઘેરાયેલું આ શહેર લાકડાના રમકડા, નાળીયેર, ડુંગળી તથા વિશેષ પ્રકારની જમાદાર કેરી થી જાણીતું છે.

કુલ ૨.૭૩ ચોરસ માઈલ ના વિસ્તાર માં વસેલું આ નગર કે જેની હાલ માં કુલ વસ્તી આશરે સવા લાખ જેટલી છે. હિંદુ, મુસ્લિમ તથા દરેક જ્ઞાતીના લોકો અહી એકદમ ભાઈચારા થી રહે છે. કોમી એકતા એ મહુવાની આગવી ઓળખ છે. રજવાડા ના જમાના માં હાલાર પંથક તરીકે ઓળખાતું આ શહેર ઝાલા રજપૂતો ના શાશન વડે ચાલતું હતું.

આ તાલુકા કક્ષા નું શહેર છે પણ રાજ્ય અને દેશ લેવલે નામાંકિત અનેક મહાન વિભૂતિઓની જન્મભૂમિ તથા કર્મભૂમિ રહી છે. અમુક વિશેષ વ્યક્તિઓના વિષે વાત કરીએ તો જેના નામ થી મહુવા ઓળખાય છે તેવા વિશ્વ વિખ્યાત રામાયણ ના કથાકાર પૂજ્ય મોરારીબાપુ, ફેવિકોલ ના નિર્માતા શ્રી બળુભાઈ પારેખ , ફિલ્મ અભિનેત્રી આશા પારેખ, શિક્ષણવિદ શ્રી એન. એન. મહેતા (ન. ના. મહેતા સાહેબ), સ્વામી વિવેકાનંદ ના સાથી શ્રી વીરચંદ રાઘવજી ગાંધી, સ્વામીનારાયણ સંસ્થા ના પૂજ્ય ભગતજી મહારાજ, જૈન સમાજના પ.પૂ.વિજય નેમિસુરી મહારાજ, જાણીતા લેખક શ્રી હરકિશન મેહતા , વિખ્યાત ભાગવતાચાર્ય શ્રી શરદભાઈ વ્યાસ અને રાજકીય ક્ષેત્રે અનેક મહાનુભાવો જેવા વિવિધ ક્ષેત્ર ના નામાંકિત લોકો નું વતન અથવા જન્મભૂમી મહુવા છે. આ તમામ લોકોએ મહુવા ના નહિ પરંતુ સમગ્ર ગુજરાત અને દેશ ના વિકાસમાં સિંહ ફાળો આપેલ છે. મહુવાના અનેક આગેવાનોએ દેશની આઝાદી માં પણ અગ્રીમ ભાગ લીધો હતો.

ભોંગોલીક દ્રષ્ટીએ પણ મહુવા ખુબજ મહત્વ ધરાવે છે. ફક્ત ૨૫ કી.મી. દુર આવેલ પીપાવાવ પોર્ટ ભારત નું સૌથી મોટું શીપ મૈકિંગ યાર્ડ છે અને મહુવા બંદર એક જમાનામાં વેપાર ઉદ્યોગ માટે ખુબ મહત્વતા ધરાવતું બંદર હતું. મહુવા મધુમતી નગરીના દરિયા કિનારા પર આવેલું માં ભવાની મંદિર ઈતિહાસ માં ખુબ મહત્વનું સ્થાન ધરાવે છે. પૌરાણિક કથા મુજબ ભગવાન શ્રી કૃષ્ણ એ માતા રૂક્ષ્મણી નું હરણ આજ મંદિર પરથી કરેલ અને દરિયાઈ માર્ગે દ્વારકા લઈ ગયેલ. એક તરફ વિશ્વવિખ્યાત સંત શ્રી બજરંગદાસ બાપા નો આશ્રમ કે જે બગદાણા ગામ માં આવેલો છે , એક તરફ માં ચામુંડા નું સ્થાન કે જે કોટડા ના દરિયા કિનારા પર છે, એક તરફ ભાગુડા ગામે માં મોગલ નો દરબાર આવેલો છે. આ તમામ સ્થળો પર સેંકડો ભાવિક ભક્તો નિયમિત દર્શન માટે આવે છે અને તમામ સ્થળો લાખો લોકો માટે આસ્થા ના પ્રતિક છે. અને દરેક સ્થળોએ યાત્રાળુઓ માટે પ્રસાદ ની વ્યવસ્થા હોય છે.



ધાર્મિક ક્ષેત્રે મહુવા જૈનોના પંચતીર્થ માનું એક તીર્થ ગણાય, ભગતજી મહારાજની દેરી, માં ભાવની મંદિર, ભૂતનાથ મહાદેવનું મંદિર, દ્વારકાધીશજીની હવેલી વિગેરે અનેક હિંદુ મંદિરો તથા મુસ્લિમ સમાજ ની લગભગ દરેક પેટા જ્ઞાતીઓ ની મસ્જીદો આવેલી છે. મહુવામાં વર્ષોથી અખંડ રામધૂન મંદિર પણ આવેલું છે.

ખેતીવાડી અને ઉધ્યોગિક ક્ષેત્રે મહુવામાં મુખ્ય પાક ડુંગળી, શીંગ, કપાસ તથા નાળીયેર છે. તેને લગતા ઉદ્યોગો જેવા કે ડીહાઈડ્રેશન પ્લાન્ટ, પીનટ બટર પ્લાન્ટ, કોલ્ડ સ્ટોરેજ , જીનીંગ , પોલ્ટ્રી ફાર્મ અને હીરા ઉદ્યોગ વિગેરે છે જેના દ્વારા હજારો લોકો ને રોજી મળી રહી છે. એમાંના લગભગ ૮૦% ઉદ્યોગો પોતાનો માલ વિદેશોમાં એક્ષપોર્ટ કરે છે. મહુવા નું માર્કેટિંગ યાર્ડ સમગ્ર ભારત માં ડુંગળી ની આવકમાં બીજા નંબર નું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ટોપ 10માં સ્થાન ધરાવતું સ્વચ્છ અને વધુ સગવડતા ધરાવતું યાર્ડ છે.

શૈક્ષણિક ક્ષેત્રે મહુવામાં સરકારી પ્રાથમિક શાળાઓ તથા આંગણ વાડીઓ ચાલી રહી છે. છેલ્લા વર્ષોમાં આધુનિક શિક્ષણ માટે અનેક પ્રાઈવેટ શાળાઓ શરૂ થઈ છે જેમાં ગુજરાત બોર્ડ, સી.બી.એસ.સી. બોર્ડ અને આઈ.સી. એસ.સી. બોર્ડ સંલગ્ન શિક્ષણ અપાય રહ્યું છે. મહુવા કેળવણી સહાયક સમાજ સંચાલિત પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ દ્વારા તદ્દન નજીવા ખર્ચે શિક્ષણ આપાઈ રહ્યું છે. ઉપરાંત શિક્ષણ માટે શ્રી પારેખ કોલેજ આજથી ૫૬ વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલ. જેમાં સાયન્સ, આર્ટસ અને કોમર્સ ઉપરાંત ઉત્તરોતર નવા અભ્યાસક્રમો નો ઉમેરો કરવામાં આવી રહ્યો છે હાલ માં એન્જિનિરીંગ, ફેશન ડીઝીનીંગ અને માસ્ટર્સ માટે ના નવા કોર્સ શરૂ કરાયેલ છે જેથી મહુવા તથા આ વિસ્તાર ના વિદ્યાર્થીઓને બહાર જવું ના પડે. રાધેશ્યામ ટ્રસ્ટ દ્વારા બી.એડ. કોલેજ પણ કાર્યરત છે.

જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ શિક્ષણ થી વંચિત ના રહે માટે આ બધી સંસ્થાઓ ખુબજ રાહત દરે શિક્ષણ આપી રહી છે. છતાં પણ વધુ મદદ માટે શ્રી એન.એન. મહેતા મેમોરીઅલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મહુવા તથા તાલુકાના વિદ્યાર્થીઓને નાત જાત ના ભેદભાવ વગર મેરીટ ના આધારે ઊંચ શિક્ષણ માટે આર્થિક સહયોગ આપવામાં આવે છે.

સામાજિક ક્ષેત્રે મહુવા ના રાજકીય આગેવાનો એ અથાગ પ્રયત્નો દ્વારા અનેક સંસ્થાઓ સ્થાપી ને પોતાની દીર્ઘા દ્રષ્ટિ દ્વારા સિંહ ફાળો આપ્યો છે. મહુવા ના બહાર વસતા શ્રેષ્ઠીઓની દાનની ધારાવાહી હંમેશા વહેતી રહી છે. હાલ માં છેલ્લા ૨૦ વર્ષોથી શ્રી મધુકરભાઈ પારેખ (ચેરમેન, પીડીલાઈટ ઈન્ડ.) દ્વારા સામાજિક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી, મહિલા વિકાસ, જળસંચય, આધુનિક કૃષિ, પશુપાલન જેવી અનેકવિધ પ્રવૃતિઓ માટે સતત દાન તથા માર્ગદર્શન આપી રહ્યાં છે. જેના દ્વારા અનેક પ્રવૃતિઓ વિકસી રહી છે. મહુવા રેડક્રોસ દ્વારા પણ અનેક સેવાકીય પ્રવૃતિઓ થઈ રહી છે. મહુવાની વિવિધ સામાજિક સંસ્થાઓ પણ વિવિધ પ્રકારે સેવાકીય કર્યો માટે અગ્રેસર રહે છે. કોરોના, વાવાઝોડું, અતીવૃષ્ટી જેવા કપરા કાળ માં આ બધીજ સંસ્થાઓ પહેલ કરીને કાર્ય કરતી આવી છે.

મહુવાને સ્વચ્છ બનાવવા પણ પીડીલાઈટ દ્વારા મહુવા નગરપાલિકાની સાથે ખુબ મોટા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. પ્લાસ્ટિક મુક્ત શહેર બને અને કચરા મુક્ત શહેર બને તે માટે ખુબ પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ જેમ કહેવત છે કે "આપમુવા વગર સ્વર્ગે ના જવાય" તેમ જનજાગૃતિ વિના સ્વચ્છતા રાખવી ખુબજ અઘરી છે.

આરોગ્ય ક્ષેત્રે મહુવા ખુબ આગળ છે. આજુબાજુના ના અનેક તાલુકાઓ ના દર્દીઓ સઘન સારવાર માટે વર્ષોથી મહુવા માં જ આવે છે. મહુવા ની જનરલ હોસ્પિટલ જે પહેલા નગરપાલિકા દ્વારા સંચાલિત હતી અને હાલ માં સરકારશ્રી દ્વારા ચાલી રહેલી છે તે ૨૦૦ બેડની હોસ્પિટલ માં તમામ સારવાર વિનામૂલ્યે અપાય છે. સદ્દભાવના ટ્રસ્ટ સંચાલિત વડલી તથા કળસાર ની હોસ્પિટલો માં પણ ખુબજ રાહત દરે તમામ સારવાર અપાય રહી છે. પથરી ના દર્દીઓ સમગ્ર ગુજરાત માંથી અહી સારવાર મેળવી રહ્યા છે. ડો.કનુભાઈ કલસરિયા અને ડો.પ્રવીણભાઈ બલદાણીયા જેવા સંનીષ્ઠ અને ભેખધારી ડોકટરો દ્વારા સાચી રીતે સેવા અપાય રહી છે. પૂજ્ય મોરારીબાપુ ની રામકથા પ્રેરિત અને પારેખ પરિવાર દ્વારા સંચીત અતિ આધુનિક હનુમંત હોસ્પિટલ મહુવાનું ઘરેણું છે. જેમાં ઓછા દરે આધુનિક સારવાર મળી રહે છે. સરકારશ્રી દ્વારા ચાલતી આયુષ્યમાન યોજના દ્વારા લગભગ તમામ મોટા ઓપરેશનો વિનામૂલ્યે થાય છે તેમજ આ હોસ્પિટલ દ્વારા નર્સીંગ સ્કુલ પણ ચાલી રહી છે. આ ઉપરાંત મહુવા શહેરમાં કુબેરબાગ વિસ્તારમાં અનેક નાના નર્સિંગ હોમ આવેલા છે મોટા શહેરો ના પ્રમાણમાં તમામ સારવાર ઓછા ખર્ચે મળી રહે છે.

મહુવા માટે એવું કહેવાય કે આ ગામના નાના છોકરાને પણ સંસદ માં મોકલો તો પાછો ના પડે એટલું રાજકીય જ્ઞાન તેને જન્મજાત હોય જ. નેતાગીરી અને નાળીયેરી આ બંને મહુવા ની ખાસિયત છે.

મહુવામાં તમામ તહેવારો અને ઉત્સવો ખુબજ ધામધૂમ થી ઉજવાય છે અને સત્ય-પ્રેમ-કરૂણા બની રહે તે માટે દરેક આગેવાનો દ્વારા ખેવના લેવાય છે.

મહુવા રેલ માર્ગે સુરત, અમદાવાદ અને મુંબઈ સાથે જોડાયેલું છે. રોડ માર્ગે ભાવનગર, અમદાવાદ તથા રાજકોટ અને સોમનાથ સાથે જોડાયેલું છે.

કોઈ અકળ કારણોસર મહુવા જીલ્લો નથી બની શક્યો પરંતુ જો સરકારશ્રી દ્વારા મહુવા ને જીલ્લો બનાવવામાં આવે તો ખુબ વિકાસ ની શક્યતો રહેલી છે. અમુક બીજા પ્રશ્નો જેવા કે મહુવા થી મુંબઈ ની ડેઈલી ટ્રેઈન, મહુવા બંદર નો વિકાસ, મહુવા ના રેલ્વે સ્ટેશન નું નવીનીકરણ, શહેરનું નવું સીમાંકન તથા તેમાં બધીજ જરૂરી સુવિધાઓ, નવું આધુનિક સ્મશાનગૃહ, સબસ્ટેશન નું વિભાજન, પોલીસ તથા પોસ્ટની સુવિધાઓ માં ઉમેરો, ખોટા દબાણો અને બાંધકામો હટાવી રોડ અને રસ્તાઓ નું નવીનીકરણ વિગેરે હાલ થાય તો મહુવા કદાચ સમગ્ર ગુજરાત માં સૌથી વધુ વિકાસશીલ શહેર બની શકે. જો જીલ્લા નો દરજ્જો મળે તો ઘણા પ્રશ્નો આપોઆપ હાલ થઈ શકે. અને આ બધુજ થાય તો મહુવા ફરીથી સહેલાણીઓ માટે "સૌરાષ્ટ્ર નું કાશ્મીર" બની જશે.

HOTEL HEAVEN
SOPARIA HOTELS PVT. LTD.
મહુવાની એકમાત્ર
થ્રી સ્ટાર સગવડો ધરાવતી હોટલ
સ્ટેશન રોડ, રીલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં,
મહુવા. ટેલીફોન નં. (02844) 224052-53
મો: 9428601252
24 કલાક રૂમ સર્વિસ
કલીન એન્ડ નીટ રૂમ્સ
રજનીભાઈ ઠાકર » ઉમેશભાઈ શેઠ

Haveli RESTAURANT
હવેલી રેસ્ટોરન્ટ
મહુવાનું ભવ્ય A.C. રેસ્ટોરન્ટ
પંજાબી, ચાઈનીઝ ફુડના સ્પેશ્યાલીસ્ટ
» વિશાળ પાર્કિંગ
» 24 કલાક પાણીની સગવડ
» વિનયી સ્ટાફ

HOTEL POOJA
જૂના બસસ્ટેશન પાછળ,
મંગલ મૂર્તિ કોમ્પલેક્ષ સામે,
મહુવા.
ટેલીફોન નં (02844)
222102-222103

Mother Nutri Foods Private Limited
Health Nutrition
રોહીશા ચોકડી પાસે, NH-51, મહુવા

SIGMA COLD
મીના હોટલ પાછળ, લોંગડી,
NH-51, મહુવા

SIGMA FOODS
રોહીશા ચોકડી પાસે,
NH-51, મહુવા

» ઉમેશભાઈ શેઠ(ભાણાભાઈ) મો: 98245 63053 » રજનીભાઈ ઠાકર મો: 98793 31221
» પાર્થ શેઠ મો: 8905909090 » ચિંતન ઠાકર મો: 7878383861
-: સહયોગી પેઢી :-
બાલાજી કોલ્ડ સ્ટોરેજ હરીપરા રોડ, મહુવા » જયેશભાઈ ઠાકર » ઉમેશભાઈ શેઠ » મંદિપભાઈ દોશી
શ્રીનાથજી કોલ્ડ સ્ટોરેજ હરીપરા રોડ, મહુવા » જયેશભાઈ ઠાકર » નરેશભાઈ મહેતા » ઉમેશભાઈ શેઠ » નિલેશભાઈ દોશી

# નેમિસ્મરણથી સમર્પણનું ઉજાસ પર્વ ઉર્જાતિર્થ મહુવા મધ્યે ઉર્જામય ચાતુર્માસ

**પૂ. શાસન સમ્રાટશ્રીના 150માં જન્મ શતાબ્દી નીમીત્તે આ.ભ.શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મ.સા. દ્વારા મારૂં મહુવા સ્વચ્છ મહુવા, પ્લાસ્ટીક મુક્ત મહુવા, વ્યસન મુક્ત મહુવા અને સર્વે નગરજનોનો પરસ્પર ભાઈચારો વધેતેવી ભાવના...**



સોરઠદેશની ધન્યધરા પણ શોભતી નગરી એટલે મહુવા.... અનેક શૂરવીરો, દાનવીરો તેમજ ધર્મવીરોને જન્મ આપનારી ધન્યધરા એટલે મધુમતી નગરી. વિશિષ્ટ પ્રતિભા સંપન્ન, પ્રચંડ પ્રતાપી પૂણ્યપુરૂષ, મહુવાના પનોતાપુત્ર શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરજી મહારાજાની જન્મ તેમજ અંતિમ ભૂમિ એટલે મહુવા. આ મહાપુરૂષના પાવન પરમાણુઓથી પવિત્ર થયેલી ધરા પર પૂજ્યપાદ શાસન સમ્રાટશ્રીના 150માં જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં વિ.સં.2079ના ચાતુર્માસાર્થે સમર્થ જૈનાચાર્યશ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજની પધરામણી થઈ છે. આષઢ સુદિ-3ના મંગલ દિવસે જાહોજલાલી પૂર્વક ચાતુર્માસનો પ્રવેશ થયો. પૂજ્યશ્રીની સ્વાગતયાત્રામાં અનેક જૈન શ્રેષ્ઠીઓ તેમજ સવિશેષ મહુવાની અઢારે જ્ઞાતિના આગેવાનો પધાર્યા હતા. તેમજ ખીમનાથ મહાદેવના ભગતબાપુ, રામપાસરહો આશ્રમના રાજેન્દ્રદાસબાપુ, સ્વામિનારાયણ સંપ્રદાયના કોઠારી સ્વામી તેમજ પૂજ્યપાદ શાસનસમ્રાટ સાથેઆત્મીય ધરાવનાર બજરંગદાસબાપા (બગદાણા)ના આગેવાનોની પણ પધરામણી થઈ હતી. પૂજ્ય જૈનાચાર્યશ્રી સમગ્ર મહુવા માટે કલ્યાણની ભાવના ધરાવે છે. સૌને સાથે લઈને ચાલવાની નિર્મળ ભાવના ધરાવતા પૂજ્યશ્રીના મહુવા માટે ના 3 સોનેરી સંકલ્પ છે.

1) મારૂં મહુવા સ્વચ્છ મહુવા, પ્લાસ્ટીક મુક્ત મહુવા

2) વ્યસન મુક્ત મહુવા

3) સર્વે નગરજનોનો પરસ્પર ભાઈચારો વધે

નગરપાલીકા, બજરંગદળ, વિશ્વહિન્દુ પરીષદ, પીડીલાઈટ ઈન્ડી. તેમજ અનેક જ્ઞાતિના આગેવાનો એ પૂજ્યશ્રીના આ સંકલ્પને બિરદાવ્યો તેમજ આદરણીય પૂ.મોરારીબાપુ અને ભગતબાપુએ પણ પૂજ્યશ્રીની સાથે રહી મહુવાની અસ્મિતાને ઉજાગર કરવા સંપૂર્ણ સાથ સહકાર આપવાની ભાવના દર્શાવી. જૈનાચાર્યશ્રીની એક જ ભાવના છે કે, મહુવાને સૌરાષ્ટ્રમાં આદર્શ ગામ તરીકે નિર્માણ કરવું છે. ઉર્જામયચાતુર્માસના પ્રથમ રવિવારે જ નેમિવંદના કાર્યક્રમનું અનોખુ આયોજન થયું હતું. શાસન સમ્રાટની નિર્માણ થયેલી અદ્વિતીય મૂર્તિના આલંબને નેમિસૂરિદાદાના પદો, સ્તવનાઓ, સ્તુતિઓ, ધુન તેમજ અખંડ મંત્ર જાપ દ્વારા વિશિષ્ટ ભક્તિ થઈ હતી. "ગાજે ગગનમાં નાદ, ગુરૂ નેમિસૂરિ મહારાજ"ના નાદથી સમગ્ર વાતાવરણ શાસન સમ્રાટમય બની ગયું હતું. જૈનાચાર્યશ્રીની મહુવામાં પધરામણી થતા જ લોકોના હ્દયમાં અનેરો ઉલ્લાસ પ્રગટ્યો હતો. ચાતુર્માસ દરમ્યાન દર રવિવારે મહુવાની જાહેર જનતાને સંસ્કૃતિના આદર્શો તેમજ માનવાતાના મહામૂલ્યોને સમજાવતા પ્રવચનો યોજાશે. સાથે સાથે સમસ્ત મહુવાનો આધાર કહી શકાય તેવા નગર પાલીકાના સર્વ સભ્યો, વિવિધ મંદીરના પુજારીઓ, સરકારી શાળાના શિક્ષકો, પોલીસ વિભાગના સર્વ અધિકારીઓ, ઉપરાંત સર્વની સેવાને બિરદાવતો સન્માન સમારોહ યોજાશે તેમજ મહુવાની સર્વ સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુકનું પણ વિતરણ થશે. ઉપરોક્ત સર્વ આયોજનોની પાછળનો મુખ્ય આધાર એ છે કે, શાસનસમ્રાટ નેમિસૂરીશ્વરજી મહારાજાનું 150મુ જન્મ શતાબ્દી વર્ષ છે. ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપશ્ચર્યાઓ થશે. જેમાં મુખ્યત્વે જૈન સમાજમાં હર-ઘર ઘર-ઘર માસક્ષમણ અર્થાત 30 ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા થશે. જેમાં અનેક નાના-મોટા શ્રાવક શ્રાવિકાઓ, યુવાનો જોડાશે. શાસનસમ્રાટશ્રીના 151માં જન્મશતાબ્દી વર્ષની ભવ્ય ઉજવણી નિમિત્તે દાદાના જન્મ સ્વર્ગવાસ દિનને આવરી લેતો દીવાળીના દિવસોમાં પંચદિવસીય મહાઉત્સવનું દિવ્ય આયોજન થશે. જેમાં સમગ્ર ભારતમાં વસતા મહુવાવાસીઓ પોતાના દાદાગુરૂ ના અનંત ઉપકારોના સ્મરણાર્થે માદરે વતનમાં આવશે. સમગ્ર મહોત્સવના મુખ્ય આકર્ષણો જેવા કે સમસ્ત સૌરાષ્ટ્રના સંતોની ધર્મસભા, ગુરૂપાદુકા પૂજન, શાસન સમ્રાટશ્રીના જીવન પ્રસંગોને વર્ણવતી નાટ્ય પ્રસ્તૃતિ તેમજ ભવ્ય રચનાઓથી યુક્ત રથયાત્રા. આવા અનેક સુકૃતો નેમિસૂરિદાદાના ચરણે અર્પણ થશે. જેમાં આખું મહુવા શાસન સમ્રાટના રંગે રંગાશે. સમગ્ર સૌરાષ્ટ્ર પર શાસનસમ્રાટનો સવિશેષ ઉપકાર રહ્યો છે. ગામે ગામ વિચર્યા ત્યાંની પ્રજાને ઉપદેશ આપી વ્યસન મુક્ત કરાવ્યા. ભાવનગરના કૃષ્ણકુમારસિંહજી, વલભીપુરના ગંભીરસિંહજી તદુપરાંત લીંબડી, ગોંડલ, ધ્રાંગધ્રા, ઉદયપુર, જેસલમેરના રાજાઓ, નામદારો તેમના પરમ ભક્ત હતા. અવારનવાર તેમના દર્શનાર્થે આવતા પૂજયપાદશ્રીની સેવા માટે સદા તત્પર રહેતા.

મહુવાની આજુબાજુના દરીયાકાંઠાના ગામોમાં પૂજયશ્રી વિચર્યા મત્સ્યોદ્યોગ પર જીવનારી ત્યાંની પ્રજાને પૂજ્યશ્રીએ ઉપદેશ આપી ત્યાંના લોકોને પ્રતિબોધ પમાડયા. દાદાના પુણ્યપ્રભાવે ત્યાંની પ્રજા માછીમારી કાયમ માટે છોડવા પ્રતિબધ્ધ થઈ અને દાઠા ગામની બજારમાં બધી જાળોની હોળી પણ કરી દીધી.

કદંબગિરિમાં પણ ત્યાંના કામળિયા દરબારોને ઉપદેશ આપી વ્યસન, હિંસા વિગેરેનો ત્યાગ કરાવ્યો. અનેક જ્ઞાતિઓના કુસંપને શમાવ્યા.

વળી, છાપરિયાળીની પાંજરાપોળ તે સમયે દેવામાં હતી. જેમાં લાખોની રકમ અપાવીને નિવારણ કર્યુ હતુ.

સં.1983 માં ગુજરાતમાં અતિવૃષ્ટિના લીધે જળપ્રલય થયો હતો. ત્યારે શાસનસમ્રાટશ્રીએ લાખોનું ફંડ કરાવી ગામડે ગામડે શ્રાવકોને મોકલી હજારો કુટુંબોને તમામ પ્રકારની સહાય કરાવી.

સદીઓના ઈતિહાસમાં ન બની હોય તેવી ઐતિહાસિક ઘટના નેમિસૂરીશ્વરજી મહારાજના જીવનમાં જોવા મળે. મહુવામાં જન્મ અને મહુવામાં અંતિમ વિદાય, બેસતા વર્ષે જન્મ અને બેસતા વર્ષે પૂર્ણ વિલય, શનિવારે જન્મ અને શનિવારે પૂર્ણ દેહ વિલય, જે સમયે જન્મ તે જ સમયે પૂર્ણ વિલય.

સમગ્ર સૌરાષ્ટ્રમાં જે પણ સંસ્કારો છે, તેના પાયામાં શાસનસમ્રાટનો મહત્વનો ફાળો રહ્યો છે. આજે પણ મહુવામાં તેમના જન્મ સ્થળે નિર્માણ થયેલા ગુરૂ મંદિરમાં નેમિસૂરી દાદાના ગુરૂ પાદુકા છે. જેનો અચિંત્ય પ્રભાવ છે. ગુરૂ પાદુકા સન્મુખ કરેલા સંકલ્પો પૂર્ણ થાય છે. અનેક ચમત્કારો, પ્રભાવો વર્તમાનમાં પણ જોવા મળે છે.

# મહુવાનું જુનુ ઐતિહાસિક ભવાની માતાજીનું મંદિર




અરબી સમુદ્રના કાંઠે આવેલું ભવાની માતાજીનું મંદિર ભગવાન શ્રી કૃષ્ણ અને રુકમણીજીના અતૂટ પ્રેમ સબંધ અને માતાજી પ્રત્યેની અખૂટ શ્રધ્ધાનું સાક્ષી છે. સંત, શૂરા અને ભક્તોની ભૂમિ ગોહિલવાડની રખેવાળી માટે ચારેય દિશામાં માતાજી હાજરા હજૂર બેઠા છે.

ભગવાન કૃષ્ણ અને રુકમણીના પ્રેમના સાક્ષી રહેલા મહુવાના ભવાની માતાજીના મંદિર સાથે ઐતિહાસિક દંતકથા જોડાયેલી છે. લોકવાયકા પ્રમાણે ભવાની માતાજીના મંદિરથી થોડે દૂર કતપર ગામ આવેલું છે. તે સમયે કુંદનપુર તરીકે કતપર ગામ ઓળખાતું હતું. કુંદનપુરના રાજા ભીષ્મક હતા. તેમને સંતાનોમાં પાંચ પુત્ર અને એક પુત્રી હતી. જેમાં મોટા પુત્રનું નામ રુકમય અને પુત્રીનું નામ રુકમણી હતું. રુકમણીજીના વિવાહ તેમના ભાઈએ તેના મિત્ર શિશુપાલ સાથે નક્કી કરી દીધા હતા. જે રુકમણીજીને પસંદ ન હોય, તેમણે ભગવાન શ્રી કૃષ્ણને સંદેશો મોકલાવ્યો હતો.

જેમાં તેમણે કહ્યું હતું કે, મારા ભાઈએ મારા વિવાહ મને પસંદ ન હોય તેની સાથે નક્કી કર્યા છે, એટલે હે નાથ તમે ભવાની માતાના મંદિરે આવી મારુ હરણ કરી તમારી સાથે લઈ જાવ. આથી ભગવાન શ્રી કૃષ્ણ ભવાની મંદિરે આવે છે અને રુકમણીજીને તેમની દ્વારકા લઈ જઈ ત્યાં વિવાહ કરી લે છે. આમ ભવાની માતાજીનું મંદિર શ્રી કૃષ્ણ અને રુકમણીજીના પ્રેમનું પ્રતિક ગણાય છે અને આ પ્રસંગના પૂરાવા રૂપે અવશેષો મંદિર પરિસરમાં આજે પણ મૌજૂદ છે. આ દંતકથાને કારણે આજે પણ અપરિણીત કન્યાઓ તેમના મનગમતા ભાવિ ભરથાર માટે ભવાની માતાજી સમક્ષ મનોકામના કરી પૂજન-અર્ચન કરે છે.

વર્ષમાં આવતી નવરાત્રિની ઐતિહાસિક ભવાની માતાના મંદિરે પૂરી શ્રધ્ધા સાથે ઉજવણી થાય છે. ખાસ કરીને આસો નવરાત્રિમાં શ્રધ્ધાળુઓના ઘોડાપૂર ઉમટતા હોય તેમ માંઈભક્તોનો પ્રવાહ જોવા મળે છે. મહુવાના ભવાની માતાજી હજારો પરિવારોના કુળદેવી તરીકે પણ પૂજાય છે. જેઓ માતાજીના ચરણોમાં શિશ નમાવવા અચૂક આવે છે. ટ્રસ્ટીગણ વતી નવરાત્રિમાં મહાઆરતી, પૂજન-અર્ચનના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાય છે.

મહુવાથી આશરે 5 કિ.મી. ના અંતરે અરબી સમુદ્રની સપાટીથી 150 ફીટ ઉપર આવેલું ઐતિહાસિક ભવાની માતાનું મંદિર શ્રધ્ધાળુઓ માટે વિશેષ સ્થાન ધરાવે છે. દરિયાના ઘુઘવાટા મોજે આજે પણ ભગવાન શ્રી કૃષ્ણ અને રુકમણીજીના પ્રસંગને વર્ણવતા હોય તેવો અહેસાસ કરાવે છે. શ્રધ્ધાળુઓ સાથે પર્યટકો માટે પણ ભવાની માતાજીનું સ્થળ શ્રેષ્ઠ મનાય છે. અહીં અરબી સમુદ્રનો કાંઠો પર્યટકો-શ્રધ્ધાળુઓને અલૌકિક આનંદને અહેસાસ કરાવે છે. પિકનિક પોઈન્ટ તરીકે વિકસેલા આ સ્થળે રવિવાર અને તહેવારોના દિવસોમાં લોકોની ખાસી ભીડ રહે છે.


## મહુવામાં સૌ પ્રથમ ન્યુરો ફિઝીયોથેરાપીસ્ટ
## સાંધા, સ્નાયુ, હાડકાના રોગો તથા પેરાલીસીસના નિષ્ણાંત



**ડૉ. ચંદુ પી.ભુત**
B.P.T., M.P.T., ( Neuro),
M.I.A.P., F.I.M.T., GSCPT - 903
Consultant Physiotherapist
Dryneedling, Cupping, Kinesiology Tapping,
Mannunal Therapy Specialist

માસ્ટર ડીગ્રી ન્યુરોલોજીકલ ડીસ ઓર્ડર તેમાં ખાસ કરીને મગજના રોગો, પેરાલીસીસ, મોઢાનો લકવોતથા બાળકોમાં થતા રોગો, જન્મજાત ખોડખાપણના રોગો માં તેમનો ખાસ અભ્યાસ છે.

ઈન્ટરનેશનલ સર્ટીફાઈડ પ્રમાણીત અપાતી એડવાન્સ થેરાપી જેવી કે...
- ટેપીગ
- ડ્રાય નિડલીંગ
- કપીંગ
- મેન્યુઅલ થેરાપી

ફિઝીયોથેરાપી વિભાગમાં અપાતી થેરાપી...
- ટેન્સ થેરાપી
- અલ્ટ્રાસાઉન્ડ
- આઇ.એફ.ટી
- ટ્રેકશન થેરાપી
- લેસર થેરાપી
- આઇ.આર.લેમ્પ થેરાપી
- ડાયાથર્મી થેરાપી
- વેકસ થેરાપી

૨૦૨૨ માં ઈન્ટરનેશનલ સર્ટીફાઈડ પ્રમાણિત અપાતી એડવાન્સ થેરાપીનો પણ અભ્યાસ કરેલ છે.

● ફિઝીયોથેરાપી (કસરત) વિભાગમાં અપાતી સારવારો ●
- દુઃખાવાના રોગો : ખંભા, એડી, ઘુંટણ, સાંધા તથા સ્નાયુના દુઃખાવા, હાડકાના ઘસારા, સંધી વા.
- લકવા : પક્ષઘાત, મોઢાનો લકવો, પેરાલીસીસ
- કરોડરજ્જુ : કમરનો દુઃખાવો, ગાદી ખસવી, નસ દબાવી, સાઈટીકા, ગરદનનો દુઃખાવો, ફ્રેકચર પછી ખોડખાપણ અને જકડાઈ ગયેલા અંગોની સારવાર.
- સર્જરી : હાથપગ અને કરોડરજ્જુની સર્જરી પછી પેઈન રીલીફ અને ઝડપી રીકવરી તેમજ પગના સાંધા બદલાવવા પછીની કસરત દ્વારા સારવાર
- બાળકો : સેરેબ્રલ પાલ્સી, બેલેન્સ, ચાલવામાં પડતી તકલીફો, જન્મજાત ખોડખાપણ, મંદ વિકાસ, ચીડીયાપણું, ચેતાતંત્રના રોગોની સારવાર, ઈત્યાદીની સચોટ સારવાર.

● વિશેષતાઓ ●
- શહેરની એક માત્ર અત્યંત આધુનિક મશીનરીથી અપાતી સારવાર.
- ટ્રેડમીલ મશીન : ચાલવામાં પડતી તકલીફ માટેની સારવાર.
- બાળકો માટે અતિ આધુનિક સુવિધા.


આઇ.એફ.ટી.

લેસર


મેન્યુઅલ થેરાપી

ડાયાથર્મી

ડ્રાય નિડલીંગ

ટેપીંગ

ટ્રેકશન

કપીંગ થેરાપી

આઇ.આર

ટ્રેડમિલ

અલ્ટ્રા સાઉન્ડ

યુ.વી.આર.

**દેવ ફીઝીયોથેરાપી & રીહેબીલીટેશન સેન્ટર**
૨૭૨, નૂતન નગર, ડૉ. ધીરજ આહિર સાહેબની હોસ્પીટલ સામે, કુબેર બાગ રોડ, મહુવા. મો. ૯૬૨૪૭ ૬૬૫૭૬

# જે. બી. ચૌહાણ

JB Chauhan Advocate

ADVOCATE



**જે. બી. ચૌહાણ**
એડવોકેટ
B.Com, L.L.B.,
મો: 9824255631
મો: 9712955631



- » દરેક પ્રકારના દસ્તાવેજ તથા ભાગીદારી કરાર, વેચાણ કરાર, કુલમુખત્યારનામું, સોગંદનામું વિગેરે પ્રકારના દસ્તાવેજ
- » ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા માટે
- » નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા માટે
- » લેન્ડ રેવન્યુના તમામ કાર્ય માટે.
- » ઔદ્યોગિક હેતુની કલમ 55 તથા 65-ખ ની કામગીરી માટે.

**હેડ ઓફીસ** મહુવા : ઓ: 9, ટર્નીગ પોઈન્ટ, વી.પી. ટાવર, ગાંધીબાગ પાસે, મહુવા
**બ્રાન્ચ ઓફીસ** વડલી : ઓ: 22/23, યોગી કોમ્પલેક્ષ, તાલુકા સેવા સદન સામે, વડલી, તા.મહુવા
ભાવનગર : 127, પહેલા માળે, શીવા બ્લેસીંગ-2, કલેક્ટર ઓફીસ સામે, ભાવનગર
સુરત : 201-202, રાધેશ્યામ શોપીંગ સેન્ટર, સોનાણી દાંતના દવાખાના ની ઉપર, સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ, સુરત
અમદાવાદ : A-205, ગણેશ મેરીડીયન, કારગીલ પેટ્રોલ પંપ સામે, એસ. જી. હાઈવે, ગોતા, અમદાવાદ

**કિશન બી. ચૌહાણ મો : 957417007**

## વિધવા સહાય કેન્દ્ર

મહુવા તાલુકા વિસ્તારના વિધવા બહેનોને સહાયના હેતુથી વિધવા સહાયમાટે ફોર્મ, સ્ટેમ્પ પેપર તથા સોગંધનામા સાથે વિનામૂલ્યે અરજી કરી આપવામાં આવશે.
જેનો વિધવા બહેનોએ લાભ લેવા વિનંતી.

સંપર્ક : **એડવોકેટ જે. બી. ચૌહાણ**
ઓ.૯, ટર્નીગ પોઈન્ટ, વી. પી. ટાવર, ગાંધીબાગ પાસે, મહુવા. મો: 9574717007

---

Dr. Valaki Skin Care & Health Clinic
Skin - Hair - Nail - Laser - Cosmetics

ચાલો તમારી ત્વચાને સ્મિત કરાવીએ...



**ડૉ. ભાવેશ એલ.વાળાકી**
MBBS,PGDCC,PGDCD
(કોસ્મેટીક ડર્મેટોલોજીસ્ટ)
ચામડીના રોગોના નિષ્ણાંત

Scan Me!

## ચામડી, વાળ, નખ, ગુપ્તરોગ તથા કોસ્મેટીક ના નિષ્ણાંત.

**ઉપલબ્ધ સારવાર**

- ચામડીના રોગો : ખરજવું, ધાધર, ગુમડા, કખવા, સફેદ ડાઘ, ચીતરી, કરોળીયાનું સચોટ નિદાન અને સારવાર.
- ગંભીર રોગો : રકતપિત, પેમ્ફીગસ, સોરીયાસીસ જેવા રોગોનું નિદાન અને સારવાર.
- વાળને લગતા રોગો : ખરતા વાળ, નાની ઉંમરે ટાલ પડવી, વાળ પાખા થવા, વાળ સફેદ થઇ જાવા, ઉંદરી, ખોડાનું નિદાન તથા સારવાર.
- નખને લગતા રોગો : નખની ધાધર, બટકણા નખ, નયા પડવા વગેરેની સારવાર.
- એલર્જીને લગતા રોગો : શીળસ, સાબુ, સિમેન્ટ, કેમિકલની એલર્જી વગેરેની સચોટ સારવાર.
- ગુપ્ત રોગોનું સચોટ નિદાન અને શ્રેષ્ઠ સારવાર તથા દવાને લીધે આવતા ચામડીના રીએકશનની સારવાર.








**ઉપલબ્ધ સુવિધાઓ**

- Chemical Peeling: ખીલ તથા ખીલના ડાઘ દૂર કરવા સ્કીન ગ્લો અને વ્હાઇટનેસ માટે
- Dermato Surgery: સફેદ કોઢની સર્જરી Ear Lobe Repair, Scar Revision
- Radiofrequency Cautery: ચેપી તથા બિનચેપી મસા અને કપાસી દૂર કરવા
- Bio Light: ચામડી અને વાળના રોગો માટેની કિરણો આધારીત સારવાર.
- PRP Treatment: ખરતા વાળ માટે ખીલના ખાડા માટે
- Painless Laser Hair removal: શરીર પરના અણગમતા વાળ કાયમી ધોરણે દૂર કરવા
- Hair Treatment: ખરતા વાળ, ટાલ, ઉંદરી અને ખાડાની સારવાર
- Wood Lamp: ચામડી, વાળ અને નખના નિદાન માટે
- Mesotherapy: સ્કીન ગ્લો માટે વાળના ગ્રોથ માટે
- Dermaroller / Dermapen: ખીલના ખાડા માટે, વાળના ગ્રોથ માટે ચહેરા પરની કરચલી દૂર કરવા માટે
- Derma Scope: ચામડી, વાળ, નખ ના રોગોના નિરીક્ષણ માટે.
- Derma Scan: ચહેરાની ચામડીનું કોમ્પ્યુટરરાઇઝ ઓટોમેટીક નિદાન
- Micro Derma Bration: ચહેરાની કુદરતી સૌંદર્ય માટેની સારવાર.
- Slimming Treatment: ચહેરા અને શરીર પરની વધારાની ચરબીને દૂર કરવા માટેની સારવાર.
- Anti Ageing: બોટોકસ, ફીલર અને થ્રેડીંગ વૃધ્ધત્વ અટકાવવાની સારવાર.
- ElectroLysis Treatment: સફેદ વાળ દૂર કરવા અને નેણને સરખા કરવા માટેની સારવાર

## ડૉ. વાળાકી સ્કીન કેર & હેલ્થ ક્લીનીક

**પહેલો માળ, ડૉ. કામળિયા સાહેબ હોસ્પીટલ, કુબેર બાગ, મહુવા.**
**કેસ લખાવવા માટે નંબર : મો. ૭૦૧૬૩ ૯૦૬૮૩**

# પર્યટન ઉદ્યોગ વિકાસ માટે તળાજા તાલુકો શ્રેષ્ઠ



અરબી સમુદ્ર ભૌગીલીક ગલીયારા જેવા ખંભાતનાં અખાતને સ્પર્શતા ભાવનગર જીલ્લામાં સૌથી વધુ દરિયાઈ સીમા ધરાવતો તળાજા તાલુકો રાજ્ય નાં છેવાડે આવેલ હોવાથી વિવિધ કારણોસર સામાજીક, આર્થિક, તેમજ પ્રજાકિય સુવિધા ની દ્રષ્ટીએ હજુ પણ અલ્પ વિકસીત રહયો છે. છતાં આ વિસ્તારનાં પુરાતનિય, ઐતિહાસીક, ધાર્મિક સ્થાનકો, તેમજ તટ પ્રદેશ ની વિવિધતા, સુંદરતા, થી તરબર પ્રાકૃતિક ભૌગોલીક રચના પર્યટનિય ઉદ્યોગ વિકાસ માટે ભારે સાનુકુળ છે. સમઘાત આબોહવા વાળા આ વિસ્તારમાં તાલધ્વજ ગિરિ પરનાં પ્રાચિન જિનાલયો, બૌધકાલિન ગુફાઓ, ખોડીયાર માતાનું મંદિર, શેત્રુંજી અને તળાજી નદીનાં સંગમ સ્થાને શ્રી ઘનેશ્વર મહાદેવ નું મધ્ય કાલીન તિર્થ, ઉપરાંત દાઠા, ત્રાપજ નાં જૈન તિર્થ ક્ષેત્રો ને કારણે દેશ વિદેશ માંથી યાત્રીકો, સહેલાણીઓ, જીજ્ઞાસુ પર્યટકો સહજ રીતે આકર્ષાય છે.

તળાજા તાલુકાનાં મીઠી વિરડી થી મેથળા સુધીનાં દરિયા કાંઠને અડીને પથરાયેલા 237 ચો.કિ.મી. નો ખડકાળ પ્રદેશ કુદરતી રીતે શાંત, રમણીય, અને પ્રદુષણ રહિત છે. સમુદ્રતટે શ્રી મોટા ગોપનાથ. નાના ગોપનાથજી, સિધ્ધનાથ મહાદેવ, ભદ્રેશ્વર મહાદેવ, ઉંચા કોટડા શકિતપીઠ, જેવા શ્રધ્ધેય તિર્થ સ્થાનો માં હજારો યાત્રીકો, શ્રધ્ધાળુઓ નિયમિત રીતે વારે તહેવારે ઉત્સવો માંણવા ઉમટી પડે છે. આ ઉપરાંત દરિયા કિનારાનાં અનેક સ્થાનો પર ઉગતા સૂર્યનાં દિવ્ય દર્શન “”સન - રાઈઝ પોંઈન્ટ”” આ ક્ષેત્રની અધભુત નૈસર્ગીક રચનાં ઉજાગર કરે છે. અહીંનાં સામુદ્રીક જળ ક્ષેત્ર માં દુર્લભ જણાંતા દરિયાઈ જીવો નિયમિત રીતે ૠતુ ગાળવા આવે છે. તેમજ પૃથ્વીનાં કાતિલ ઠંડીવાળા શિત પ્રદેશો નાં અનેક પ્રકારનાં ૠતુ પ્રવાસી યાયાવર પંખીઓ હજારો કિ.મી ની અવકાશી સફર ખેડીને આ વિસ્તારનાં સામુદ્રિક ક્ષેત્રમાં, ગિરિ માળાઓમાં, વન વિભાગ ની વીડીઓ માં, શેત્રુંજી કાંઠા નાં જળાશયોમાં હુંફાળો શિયાળો ગાળવા ઉમટી પડે છે.

આ સમયએ તેમની મીઠા કલરવ ભરી જળ ક્રિડાનાં દ્રષ્ટો રોમાંચ સર્જે છે. ગોપનાથ તિર્થ નજીક ઝાંઝમેર મધુવન નજીકનો બીચ જેવો છીછરા પાણીનો વિશાળ પટ્ટ સમુદ્ર સ્નાન શોખીનો પ્રવાસીઓ માટે શ્રષ્ઠ છે.

## હેરીટેજ હોટલોમાંની એક એવી ગોપનાથ બંગલો



ગોપનાથ ખંભાતના અખાતના કિનારે અને ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાથી 22 કિમી, ભાવનગરથી 75 કિમી અને પાલિતાણાથી 55 કિમી દૂર આવેલું છે. 700 વર્ષ જૂનું ગોપનાથ મહાદેવ મંદિર અહીં ગોપનાથ બીચની નજીક આવેલું ખૂબ જ પ્રખ્યાત છે. ગોપનાથનો કિનારો ટાપુઓ અને ચૂનાના પત્થરોથી છવાયેલો છે જે પ્રવાસીઓને તેમના ભાવનગર અથવા પાલિતાણા પ્રવાસ દરમિયાન આકર્ષે છે. ગોપનાથ બીચના રેતાળ કિનારા પર ચાલવું, પક્ષી નિહાળવું, પ્રકૃતિ સૌંદર્ય અહીં મુલાકાતીઓની આજીવન યાદ રહેશે. ગોપનાથ બંગલો એ સૌથી લોકપ્રિય હેરિટેજ હોટલોમાંની એક છે, અગાઉ તેનો ઉપયોગ ભાવનગરના રાજવી પરિવારના દરિયા કિનારે એકાંત તરીકે થતો હતો.

## અલંગમાં શિપ રિસાઇકલીગ યાર્ડ નું આકર્ષણ



અલંગ નજીકનો એશિયાનો સૌથી મોટા શિપ રિસાઈકલીંગ યાર્ડ નું પણ જીજ્ઞાસુઓ, પર્યટકોમાં ભારે આકર્ષણ રહે છે. આવી સ્થિતિમાં આ વિશિષ્ટ પ્રદેશમાં બારમાસી પ્રવાસીઓ ને આવકારવા યાત્રીક વિશ્રામ, ઉતારા, રસ્તા, સુરક્ષા, સહિત પર્યટનિય હેતુ ને અનુરૂપ આંતર માળખાકિય સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો હરવા ફરવા નાં અજોડ સ્થાન તરીકે વિકાસ થઈ શકે છે.

## આહાર કેટરર્સ છેલ્લી ત્રણ પેઢીથી મહુવા શહેર ઉપરાંત મોટા શહેરોમાં શુધ્ધ સાત્વીક અને આધુનીક ભોજન માટે જાણીતા...



મહુવા શહેરમાં છેલ્લા 75 વર્ષથી જટાદાદા રસોયા તથા તેના પુત્ર લાભુદાદા અને તેના પુત્ર જીજ્ઞેશભાઈ રાજ્યગુરૂ( જીગાભાઈ રસોયા) આહાર કેટરર્સના નામથી કેટરીંગનુ કામ કરી રહ્યાં છે. જેમાં તેઓએ મહુવા શહેર ઉપરાંત મુંબઈ સુધી અનેક મોટા કેટરર્સના ઈવેન્ટ મેનેજમેન્ટ પ્રમાણે સંતોષ પૂર્વક કામગીરી કરી દરેકના પ્રસંગોને ચાર ચાંદ લગાવી આપે છે.

જટાદાદાના સમયથી ચુરમાના લાડુ દરેક પ્રસંગોમાં તેમજ બ્રહ્મચોરાસી માં બહુજ જાણીતા હતા તેજ સ્વાદ અને તેજ પધ્ધતી આજની આ ત્રીજી પેઢીના જીગાભાઈ રસોયાએ જાળવી રાખી છે.

પુરા પ્રસંગનો આધાર સારા જમણ ઉપર રહેલો છે. સમગ્ર દેશમાં ખાસ કરીને મુંબઈ અને ગુજરાતના વિવિધ શહેરોમાં સંતોષકારક ભોજન પીરસનાર આહાર કેટરર્સનું નામ મોખરે છે.

સમારંભમાં સૂપ, સ્ટાટર, લાઈવ શાકભાજી, રોટલી, પુરી, જાત જાતના ફરસાણ, લાઈવ મિઠાઈ અનેકવિધ સલાડ તેમજ પાણી પુરી, ચાઈનીઝ વાનગીઓ, સાઉથ ઈન્ડીયન વાનગીઓ, પંજાબી વાનગીઓ અને દેશી ખાણા સહિત બત્રીસ પકવાનોના સ્વાદનો રસથાળ પીરસવામાં આવે છે. જમણ બાદ આઈસ્ક્રીમ ઠંડા-પીણા છાશ, બરફના ગોલા સહિતની કોઠાને ઠંડક આપતી ચીજવસ્તુઓ અને ભાત ભાતના મુખવાસ પાનના બીડાં પણ ભોજન બાદ ભારે ભાવથી આપવામાં આવે છે. જે દરેક વાનગીઓ અને ચીજવસ્તુઓમાં સ્વાદની સોડમ મહેક આપવામાં જીગાભાઈ રસોયા નિપુર્ણ છે.



તમામ જ્ઞાતિના વિવિધ પ્રસંગોમાં પ્રખ્યાત છે. કારણ કે દરેક જ્ઞાતિના રીત રિવાજો, વાનગીની પસંદગી, વાનગીનો સ્વાદ આપવા માટે તેમના ત્રણ પેઢીના રસોઈ બનાવવાના અનુભવનો નીચોડ તેમની રસોઈમાં માણવા મળે છે.



સ્વ.જટાશંકર નાગજીભાઈ રાજ્યગુરૂ
(જટાદાદા)



સ્વ.લાભશંકર જટાશંકર રાજ્યગુરૂ
(લાભુદાદા રસોયા)



જીજ્ઞેશભાઈ લાભશંકર રાજ્યગુરૂ
(જીગાભાઈ રસોયા)

જીજ્ઞેશકુમાર લાભશંકર રાજ્યગુરૂ - મો.98251 57714

|| જય લુણસાપુરીયા દાદા ||
મો. ૯૮૨૫૧ ૫૭૭૧૪
(લાભુભાઈ રસોયા)
આહાર કેટરર્સ
Aahar Caterers
પ્રો. જીજ્ઞેશકુમાર લાભશંકર રાજ્યગુરૂ (જીગાભાઈ રસોયા)
“આવકાર”, પંડયા શેરી, મહુવા - ૩૬૪ ૨૯૦.











# ડૉ. વત્સલ કંસારા

(બી.ડી.એસ.) ડેન્ટલ સર્જન

ડૉ. વત્સલ કંસારા મહુવામાં ફુલટાઇમ ડેન્ટલ સર્જન તરીકેની શરૂઆત કરેલ છે. તેઓએ તેમની BDS ની ડીગ્રી અમદાવાદ ડેન્ટલ કોલેજ (મહાદેવીયા ચેરીટેબલ ટ્રસ્ટ) અમદાવાદ માં મેળવેલ. ત્યારબાદ ફેલોશીપ ઇન માઇક્રોસ્કોપીક એન્ડોડોન્ટીક્સ - મુંબઇ અને ફેલોશીપ ઇન ડેન્ટલ એસ્થેટીક - બેંગ્લોર ખાતેથી પ્રાપ્ત કરેલ.







**મહુવામાં સૌપ્રથમવાર ઇન્ટ્રા-ઓરલ કેમેરા દ્વારા દાંતનું સચોટ નિદાન.**

મધુબેન કંસારા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# એપેક્સ

## મલ્ટિસ્પેશિયાલિટી ડેન્ટલ હોસ્પિટલ

8/9, પુજા ફ્લેટ, ગાંધીબાગ, મહુવા.

એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : 8866559698

### ◆ ઉપલબ્ધ સુવિધાઓ ◆

* અત્યાધુનીક સંપૂર્ણ ઓટોમેટીક ડેન્ટલ ચેર.
* અલ્ટ્રાસોનિક ઇન્સ્ટ્રુમેન્ટ વોશીંગ મશીન.
* પોર્ટેબલ ડીઝીટલ એક્સ-રે મશીન.
* અલ્ટ્રાસોનિક સ્કેલર મશીન દ્વારા દાંત સાફ કરવાની સુવિધા.
* દાંતને બ્લીચીંગ કરીને સફેદ કરવાની સુવિધા.
* દાંતમાં સડો સાફ કરી તેમાં ચાંદી તેમજ દાંતના કલરનું ફિલીંગ.
* પેઇનલેસ સિંગલ સિટીંગ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ.
* દાંતના ચોકઠા (બત્રીસી) બનાવવાની સુવિધા.
* ફિક્સ દાંત અને દાઢ બનાવવાની સારવાર.
* પીડારહીત દાંત અને દાઢ કાઢવાની સુવિધા.
* લાંબા સમયથી પાન-મસાલા ખાવાથી ઓછું ખુલતા જડબાની સારવાર.
* સર્જરી દ્વારા ડહાપણ દાઢ કાઢવાની સારવાર.
* વાંકા ચૂકા દાંતની સારવાર.



**શુભેચ્છક : મધુરમ્ પેથોલોજી લેબોરેટરી - મહુવા**



# ડૉ. મુકેશ આર.ભુત

નવજાત શિશુ અને બાળરોગ નિષ્ણાંત

ફેલોશીપ ઇન નિયોનેટોલોજી (N.N.F.)

**ડૉકટરનો પરીચય :**

વતન : ઉખરલા (પખા મહારાજનું) જન્મ તારીખ : ૦૧-૦૬-૧૯૮૨

**અભ્યાસ :**

પ્રાથમિક શિક્ષણ : ધોરણ : ૧ થી ૩, કેન્દ્રવર્તી શાળા - ઉખરલા
: ધોરણ : ૪ થી ૧૦, સ્વામિનારાયણ ગુરૂકુળ - ભાવનગર
ઉચ્ચ. માધ્ય. શિક્ષણ : ધોરણ : ૧૧ થી ૧૨, બી.એમ.કોમર્સ હાઇસ્કૂલ - ભાવનગર
ગ્રેજ્યુએશન : M.B.B.S., બરોડા ગર્વમેનટ મેડીકલ કોલેજ - વડોદરા
પોસ્ટ ગ્રેજ્યુએશન : D.C.H., K.E.M. હોસ્પિટલ - મુંબઇ
ફેલોશીપ ઇન નિયોનેટોલોજી (N.N.F.) : સાયન હોસ્પિટલ - મુંબઇ

**અનુભવ :**

Consultant Pediatrician :
મહુવાની સિવીલ હોસ્પિટલમાં 3 વર્ષનો અનુભવ મેળવેલ છે.
છેલ્લા ૧૦ વર્ષથી પ્રથમ ચિલ્ડ્રન હોસ્પિટલ માં કાર્યરત...

HEALTH CARE WITH HUMANITY
FOR QUALITY HEALTH CARE
PRATHAM CHILDREN HOSPITAL & NEONATAL INTENSIVE CARE UNIT

# પ્રથમ ચિલ્ડ્રન હોસ્પિટલ

## એન્ડ નિયોનેટલ ઇન્ટેન્સીવ કેર યુનિટ









### ઉપલબ્ધ સુવિધાઓ

* ૦ થી ૧૮ વર્ષના બાળકોની તપાસ, નિદાન અને સારવાર.
* સંપૂર્ણ રસીકરણ કેન્દ્ર.
* જન્મ સમયની સારવાર.
* ઓછા મહિને જન્મેલા તથા ઓછા વજનવાળા નવજાત શિશુની સારવાર.
* નવજાત શિશુને કમળા માટે ફોટો થેરાપી તથા લોહી બદલવાની સુવિધા.
* કાંગારૂ મધરકેર તથા ધાવણમાં પડતી મુશ્કેલીઓ માટે સલાહ કેન્દ્ર.
* વેલ બેબી કલીનિક.
* સેન્ટ્રલ ઓકિસજન લાઇન તથા વેન્ટીલેટર દ્વારા નવજાત શિશુની સારવાર.
* ૨૬ બેડની હોસ્પિટલ કે જેમાં ૧૫ બેડ NICU, ૪ બેડ PICU, સ્પેશ્યલ રૂમ, સેમી સ્પેશ્યલ અને જનરલ બેડનો સમાવેશ થાય છે.
* બેડસાઇડ નર્સિંગ-કોલીંગ અને સીસીટીવી કેમેરા.
* રાઉન્ડ ધ કલોક ડૉક્ટરશ્રીની સેવા ઉપલબ્ધ.
* હોસ્પિટલના પરિસરમાં જ મેડીકલ સ્ટોરની સુવિધા.

### સફળ સારવારની વિગતો

* ૬૦૦૦૦ થી વધારે દર્દીઓની સારવાર.
* ૫૦૦૦ થી વધારે નવજાત શિશુની સારવાર.
* ૧૦૦૦ થી વધારે અધુરા મહિને જન્મેલ તથા ઓછા વજન વાળા નવજાત શિશુની Surfactant +/- Ventilator દ્વારા સારવાર.
* ૨૦૦૦ થી વધારે માતાને કાંગારૂ મધર કેરની ટ્રેનિંગ આપેલ.
* ૧૦૦૦૦ થી વધારે બાળકોનું વેકસીનેશન કરેલ.

આત્મનિર્ભર ગુજરાત આત્મનિર્ભર ભારત

### આયુષ્યમાન ભારત
### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

સરકારશ્રીની આયુષ્યમાન ભારત (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના) અંતર્ગત અમારી હોસ્પિટલમાં નવજાત શિશુની સારવાર મફતમાં ઉપલબ્ધ છે. (૦ થી ૨૮ દિવસ દાખલ દર્દી માટે)



**શુભેચ્છક : હેત મેડીકલ સ્ટોર - મહુવા**

૭૨, કૈલાસ એપાર્ટમેન્ટની સામે, નૂતન નગર, મહુવા - ૩૬૪ ૨૯૦. એપોઇન્ટમેન્ટ માટે : ૦૨૮૪૪- ૨૨૧૫૧૫ મો. ૯૦૯૯૪૪૩૬૭૦

# હનુમંત હોસ્પિટલ

Hanumant Hospital

નેસવડ-દેવળીયા બાયપાસ, નેશનલ હાઈવે નં. ૫૧, મહુવા - ૩૬૪૨૯૦ જિ. ભાવનગર, ગુજરાત
ફોન નં. (૦૨૮૪૪) ૨૨૪૪૪૪, મો. ૯૪૦૮૭ ૦૬૧૫૧-૫૨

## ૨૪ કલાક ઉપલબ્ધ ઇમરજન્સી સેવાઓ

- ઇમરજન્સી વિભાગ
- લેબોરેટરી
- રેડીયોલોજી
- સી.ટી.સ્કેન
- ફાર્મસી

## હનુમંત હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ

- યુરોલોજી
- MD ફીઝીશ્યન
- ઓર્થોપેડીક
- ગાયનેક
- ઓપ્થલ
- ઇ.એન.ટી.
- જનરલ સર્જરી
- મેન્ટલ હેલ્થ
- આઇ.સી.યુ.
- ડેન્ટલ/ઓરલ સર્જરી
- કેન્ટીન

## આયુષ્માન ભારત યોજના

ભારત સરકારના નિયમ મુજબ યોજનાનો લાભ હવે **હનુમંત હોસ્પિટલ** માં ઉપલબ્ધ

- કીડની - પથરી - ડાયાલીસીસ
- હાડકા વિભાગ
- જનરલ સર્જરી
- કાન-નાક-ગળા (ENT)
- સાંધા બદલવા
- પોલીટ્રોમા (ગંભીર ઇજા)
- આંખ વિભાગ
- સ્ત્રીરોગ વિભાગ

રૂ. ૫ લાખ સુધીની સારવાર તથા ઓપરેશનો વિનામુલ્યે (નિયમ મુજબ)

## ફુલ ટાઈમ ડોકટરશ્રીઓની યાદી

- ડો. પ્રશાંત સરવડે – કીડની-પથરી
- ડો. તૃપ્તિ મુન – રેડીયોલોજીસ્ટ
- ડો. રિતીકા ગણાત્રા – સ્ત્રી રોગ
- ડો. અમિત પોલરા – કીડની-પથરી
- ડો. એમ.એમ. કુરેશી – જનરલ સર્જરી
- ડો. પ્રતિક કુચા – એમ.ડી., મેડીસીન
- ડો. મૌલીક વૈશ્ય – આંખ વિભાગ
- ડો. નિલમ કુચા – કાન-નાક-ગળા વિભાગ
- ડો. એમ.એ.સુંદરાણી – ક્રીટીકલ કેર
- ડો. કનુભાઈ ભુત – એનેસ્થેટીસ્ટ
- ડો. માનસી ગોપાણી – એનેસ્થેટીસ્ટ
- ડો. દર્શના સેંતા – એનેસ્થેટીસ્ટ
- ડો. વિરેન અભાણી – ડેન્ટીસ્ટ
- ડો. જલદીપ દવે – ડેન્ટીસ્ટ
- ડો. મિત જોષી – ફિઝીયોથેરાપી
- ડો. વૈદેહી રાઠોડ – ફિઝીયોથેરાપી

## ઓન કોલ તેમજ પાર્ટ ટાઈમ ડોકટર

- ડો. વિજય દેસાઈ – એમ.ડી., મેડીસીન
- ડો. મહેશ બાંભણીયા – સ્ત્રીરોગ
- ડો. ભરત ગોહિલ – બાળરોગ
- ડો. જયેશ બલદાણીયા – હાડકા-સાંધા
- ડો. જીતેન્દ્ર સેંતા – સ્ત્રીરોગ
- ડો. નિલેશ લાડુમોર – જનરલ સર્જન

**દર્દીઓ માટે મહુવા થી હનુમંત હોસ્પિટલ આવવા જવા માટે વિનામુલ્યે વાહન વ્યવસ્થા**

## હનુમંત નર્સિંગ ઈન્સ્ટીટયુટ


**B.Sc. નર્સિંગ અને GNM માં આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ શરૂ છે.**

- B.Sc. નર્સિંગ-ધોરણ 12 Science બાયોલોજી વિષય સાથે પાસ
- G.N.M. - ધોરણ 12 Pass કોઈપણ પ્રવાહ સાથે પાસ
- SC/ST વિદ્યાર્થી માટે સ્કોલરશીપ ઉપલબ્ધ
- કોર્સ પુરો થયા પછી તરત જ નોકરી મળવાની 100 % શકયતા
- નર્સિંગ પ્રેક્ટિસ માટે મોર્ડન હોસ્પિટલ ઉપલબ્ધ

**સંપર્ક : 94087 06177, 98795 92777, 98981 11500**

---

*Excellence taste in Every Bite*



આપને મળશે....
પૂર્ણ સાત્વિક-સ્વાદિષ્ટ અને ગુણવત્તાસભર આપની પસંદગી મુજબની અવનવા સ્વાદ - અવનવી ડીઝાઈન સાથે અલગ અલગ સાઈઝની

- બર્થ ડે કેક
- વેડીંગ કેક
- ઈવેન્ટ કેક
- ફોટો કેક
- પેસ્ટ્રી

લાઈવ કેક મળશે.



# JB Cake Shop

શ્રી રાધેશ્યામ મંદિર થી ગાંધીબાગ વચ્ચે, શિવાજી ચોક પાસે, મહુવા. મો. નં. 95 125 125 96

---

સ્નેક્સ પોઈંટ

# Snacks Point

ફાસ્ટ ફુડ

| | | | |
|---|---|---|---|
| વડા પાઉં | હોટ ડોગ | ગ્રીલ સેન્ડવીચ | મન્ચુરીયન |
| દાબેલી | પીઝા | વેજ. સેન્ડવીચ | નુડલ્સ |
| બર્ગર | ફ્રેન્ચફ્રાઈ | | રાઈસ |

ગૌતમ સ્વીટ, સોમનાથ મંદિર સામે, ગાંધી બાગ રોડ, મહુવા
મો. ૯૫૭૪૧૮૪૬૪૬ - હરિભાઈ ચૌહાણ



---

Coming Soon

# JB રીસોર્ટ

**નીચેની સુવિધા ઉપલબ્ધ થશે....**

ડેસ્ટીનેશન વેડીંગ - મેરેજ હોલ - પાર્ટી હોલ - રૂમ - સ્વીમીંગ પુલ - ગાર્ડન - રેસ્ટોરન્ટ - સ્પોર્ટસ પ્લે રૂમ - પ્લે ગ્રાઉન્ડ

મોટા જાદરા રોડ,
શ્રી રાધેશ્યામ સ્કૂલ પાસે,
મહુવા.

સંપર્ક :
કિશન ચૌહાણ - ૯૫૭૪૭૧૭૦૦૭
વિરાજ પંડ્યા - ૯૬૨૪૯૮૯૯૭૦